તાપમાન
મહત્તમ : ૩૧.૨ ડીગ્રી
લઘુતમ : ૧૦.૨ ડીગ્રી
ભેજ
સવારે ૭૭ ટકા ● સાંજે ૩૫ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૮૨ | ૨૩ ડિસેમ્બર, ૨૦૧૬, શુક્રવાર ; માગશર વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



ગેરન્ટેડ ગિફ્ટ કુપન
અહીંથી કાપો




# રાહુલ હવે બોલવાનું શીખી રહ્યા છે : મોદી

## નોટબંધીના મુદ્દે વિરોધીઓ પર મોદીના તેજાબી પ્રહારો : રાહુલના ભૂકંપવાળા નિવેદન પર પણ મોદીની તીખી પ્રતિક્રિયા




વારાણસી,તા. ૨૨

આઠમી નવેમ્બરના દિવસે નોટબંધી અમલી કરવામાં આવ્યા બાદથી પ્રથમ વખત વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે પોતાના સંસદીય મતવિસ્તાર વારાણૅસીમાં પહોંચ્યા બાદ આ મુદ્દે વાત કરી હતી. આ દરમિયાન મોદીએ રાહુલ ગાંધી પર તેજાબી પ્રહારો કર્યા હતા. મોદીએ કહ્યુ હતુ કે રાહુલ હવે બોલવાનુ શિખી રહ્યા છે. રાહુલના ભૂકંપવાળા નિવેદનના મામલે વાત કરતા તેમણે કહ્યુ હતુ કે સારુ થયુ કે રાહુલ ગાંધી બોલી ગયા છે જો ન બોલ્યા હોત તો મોટા ભૂંકપ આવી જવાની દહેશત હતી. રાહુલ ઉપરાંત નોટબંધીના મુદ્દે વિરોધીઓની મોદીએ જોરદાર ઝાટકણી કાઢી હતી. મહાનમા પંડિત મદન મોહન માલવીય કેન્સર સેન્ટરની આધારશિલા મુક્યા બાદ એક કાર્યક્રમ દરમિયાન મોદીએ કહ્યુ હતુ કે એક યુવા નેતા છે. તેઓ ભાષણ આપતા શીખી રહ્યા છે. જ્યારથી તેઓએ બોલવાનુ શિખી લીધુ છે ત્યારથી તેમની ખુશી વધી ગઈ છે. વર્ષ ૨૦૦૯ સુધી તો ખબર જ ન હતી કે આ પેકેટની અંદર છે શુ. હવે જાણવા મળે છે કે આખરે છે શુ. રાહુલના ભૂકંપવાળા નિવેદનના મામલે મોદીએ કહ્યુ હતુ કે સારુ થયુ તેઓ બોલી ગયા છે.

● અનુસંધાન પાન-૫ પર

## દિલ્હીના લેફ્ટ. ગવર્નર નજીબ જંગનું રાજીનામું

### નરેન્દ્ર મોદી અને કેજરીવાલનો આભાર માન્યો એકાએક રાજીનામાના કારણે રાજકીય વર્તુળોમાં જોરદાર ગરમી : ફરી શિક્ષણ ક્ષેત્ર સાથે નજીબ જંગ જોડાઈ જશે



નવી દિલ્હી,તા. ૨૨

દિલ્હીના લેફ્ટ. ગવર્નર નજીબ જંગે આજે ભારત સરકારને પોતાનું રાજીનામું સોંપી દીધું હતું. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સાથે મતભેદોને લઈને લાંબા સમય સુધી નજીબ જંગ ચર્ચામાં રહ્યા હતા. રાજીનામામાં નજીબ જંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલનો પણ આભાર માન્યો છે. નાયબ રાજ્યપાલની કચેરી દ્વારા જારી કરવામાં આવેલા નિવેદન મુજબ તેઓ હવે ફરીથી શિક્ષણના ક્ષેત્ર સાથે જોડાઈ જશે. નજીબ જંગ રાજ્યના ૨૦માં એલજી તરીકે હતા. જુલાઈ ૨૦૧૩માં તેઓએ નાયબ રાજ્યપાલ તરીકેની

● અનુસંધાન પાન-૫ પર

## તમિલનાડુના ચીફ સેક્રેટરી તરીકે ગિરીજાની નિમણૂંક

ચેન્નાઈ,તા. ૨૨

લેન્ડ એડમિનિસ્ટ્રેશનના કમિશનર તરીકે કામ કરી રહેલા એડિશનલ ચીફ સેક્રેટરી ગિરીજા વિદ્યનાથનની પી. રામામોહનરાવની જગ્યાએ તમિલનાડુમાં નવા ચીફ સેક્રેટરી તરીકે નિમણૂક કરવામાં આવી છે. આવકવેરા વિભાગે રાવના આવાસ, ઓફિસ અને અન્યત્ર દરોડા પાડ્યા બાદ આ નિમણૂંક કરવામાં આવી છે.

## મુંબઈ એરપોર્ટથી ૨૮ લાખની નવી નોટો જપ્ત

મુંબઈ,તા. ૨૨

મુંબઈ વિમાની મથકે સુરક્ષા અધિકારીઓ દ્વારા આજે મોટી સફળતા હાંસલ કરીને બે હજારની નોટની નવી નોટ સ્વરૂપે ૨૮ લાખ રૂપિયા કબજે કરવામાં સફળતા મળી હતી. એક યાત્રીને પકડી પાડવામાં આવ્યો હતો. આ યાત્રી દુબઈ જતી ફલાઈટ પકડવાના પ્રયાસમાં હતો. ઈન્કમટેક્સ અને ઈડી દ્વારા હાલમાં વ્યાપક દરોડા પાડવામાં આવી રહ્યા છે ત્યારે આ સફળતાને મહત્વપૂર્ણ ગણવામાં આવે છે.

# મોદી ભલે મજાક કરે પણ જવાબો આપે : રાહુલ

## સતત બીજા દિવસે મોદી પર રાહુલના પ્રહારો : કોંગ્રેસ પાર્ટીના મિશન યુપી હેઠળ બહરાઈચમાં લોકોને સંબોધતા કેશલેસ ઈકોનોમીને લઈને પણ તેજાબી પ્રહાર



બહરાઈચ, તા. ૨૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર સતત બીજા દિસે પ્રહારો જારી રાખીને કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધીએ આજે કહ્યું હતું કે મોદી ભલે તેમની મજાક કરે પરંતુ તેમને પ્રશ્નોના જવાબ આપવા જોઈએ. ગુજરાતના મહેસાણામાં મોદી ઉપર મુકવામાં આવેલા આક્ષેપોને ફરી દોહરાવતા કહ્યું હતું કે તેઓ ગાલીબના શબ્દોમાં કહે છે કે હર એક બાત પે કહતે હો તુમ કી તુ ક્યા હૈ તુમ્હી કહો કી યહ અંદાજ યહ ગુફતગુ ક્યા હૈ.. આ ઉપરાંત રાહુલે નોટબંધીને લઈને પણ પ્રહારો કર્યા હતા. કોંગ્રેસના મિશન યુપી હેઠળ બહરાઈચમાં લોકોને સંબોધતા કોંગ્રેસના નાયબ અધ્યક્ષે

● અનુસંધાન પાન-૫ પર

## નોટબંધી પ્રશ્ને કેન્દ્ર સરકાર, આરબીઆઈ વચ્ચે મતભેદો

### સંકલનના અભાવથી અનેક સમસ્યાઓ સપાટીએ : કેટલાક પગલાંઓના અમલીકરણ આડે તકલીફો : નોટની ગુણવત્તા, ઉપાડ, રદ નોટ જમા કરવાના મુદ્દા પર મતભેદો

નવી દિલ્હી,તા. ૨૨

રિઝર્વ બેંક અને સરકાર વચ્ચે નોટબંધીના મુદ્દે કેટલાક મુદ્દે મતભેદો દેખાઈ રહ્યા છે. આ મતભેદોના પરિણામ સ્વરૂપે કેટલાક પગલાના અમલીકરણને લઈને તકલીફ આવી રહી છે. સંકલનના અભાવના પરિણામ સ્વરૂપે સાનુકુળ અમલીકરણને લઈને પરેશાની થઈ રહી છે. આ બાબત સ્પષ્ટપણે હવે સપાટી ઉપર આવી છે. ચોક્કસ મુદ્દાઓ ઉપર મોદી સરકાર અને આરબીઆઈ વચ્ચે મતભેદ જોવા મળ્યા છે. કેટલાક મુદ્દા સામાન્ય રીતે દેખાઈ આવે તેવા છે. જેમાં રૂપિયા ૫૦૦ની નોટની ક્વોલિટી, લગ્ન માટે રકમમાં ઉપાડ, રદ કરવામાં આવેલા નોટ જમા કરવા, મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ, ડિપોઝીટ અને આરબીઆઈમાં સોર્સને લઈને મતભેદો સ્પષ્ટપણે સપાટી ઉપર આવી ચુક્યા છે. સૌથી પહેલા મતભેદો ૫૦૦ રૂપિયાની નોટની ગુણવત્તાને લઈને ઉભા થયા હતા. બનાવટી નોટની દહેશત ઉભી થઈ હતી. આરબીઆઈએ તે વખતે કહ્યું હતું કે નોટ બિલકુલ પ્રમાણિત છે પરંતુ આરબીઆઈ પ્રેસમાં આ નોટના પ્રિન્ટીંગને લઈને સ્પષ્તા થઈ ન હતી. બીજી બાજુ સરકારે આ મુદ્દે મૌન જાળવી રાખીને મતભેદોનો સંકેત આપ્યો હતો. ત્યારબાદ લગ્ન વેળા રકમની ઉપાડને લઈને મતભેદો થયા હતા. તે વખતે સરકારે કહ્યું હતું કે જેના લગ્ન થઈ રહ્યા છે અથવા તો જેના ઘરમાં લગ્ન છે તે પરિવારમાં માતા-પિતા ૨.૫ લાખ રૂપિયાની રકમ ઉપાડી શકે છે પરંતુ આરબીઆઈએ પૂર્વ શરતો મુકી દીધી હતી. આ ઉપરાંત રદ કરવામાં આવેલી નોટ જમા કરવાનો મુદ્દો પણ સપાટી પર આવ્યો હતો. આંકડાને લઈને સરકારે

● અનુસંધાન પાન-૫ પર

# નોટબંધીના ૪૪મા દિવસે પણ સ્થિતિ યથાવત

## મોદીએ માગેલા ૫૦ દિન આડે છ દિન બાકી : સ્થિતી સામાન્ય બનાવવાના તમામ પ્રયાસો જારી : અગાઉની સરખામણીમાં સ્થિતીમાં ઉલ્લેખનીય સુધારો થયો છે : ૪૪માં દિવસે પણ એટીએમ પર લાંબી લાઈનો




નવી દિલ્હી,તા. ૨૨

નોટબંધીને લઈને તકલીફ ૫૦ દિવસમાં દુર થઈ જશે તેવી ખાતરી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આપ્યા બાદ નોટબંધીને ૪૪ દિવસનો ગાળો થયો હોવા છતાં સ્થિતી બિલકુલ સામાન્ય બની જવાના સંકેત દેખાઈ રહ્યા નથી. ૪૪માં દિવસે પણ આજે બેંકો અને એટીએમ પર લાઈનો જોવા મળી રહી છે. આવી સ્થિતીમાં મોદીએ માંગેલા ૫૦ દિવસ બાદ સ્થિતી સામાન્ય બનશે કે કેમ તેને લઈને તમામની નજર કેન્દ્રિત થઈ ગઉ છે. અલબત્ત સ્થિતીમાં નોંધપાત્ર સુધારો થઈ ચુક્યો છે. જાણકાર લોકો માની રહ્યા છે કે સ્થિતી સુધરી જશે.નોટબંધીને એક મહિનાથી પણ વધુનો સમય થયો હોવા છતાં લોકો પરેશાન દેખાઈ રહ્યા છે. બીજી બાજુ લોકો ભારે પરેશાન દેખાઈ રહ્યા છે. મોદીએ ૫૦ દિવસમાં સ્થિતિ સામાન્ય બનાવી દેવાની વાત કરી હતી. આજે પણ બેંકો અને એટીએમ ઉપર લાંબી લાઈનો યથાવરીતે જોવા મળી હતી. કેટલાક એટીએમ ઓપરેશનમાં આવવાના લીધે ત્યાં લાંબી લાઈનો લાગી હતી.

● અનુસંધાન પાન-૫ પર

## ઉત્તર પ્રદેશમાં ૧૭ ઓબીસીને એસસીમાં સામેલ

લખનૌ,તા. ૨૨

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવે આગામી વર્ષે યોજાનાર વિધાનસભાની ચૂંટણી પહેલા એક નવી રમત રમી કાઢી છે. એક રાજકીય ચાલ રમીને ઉત્તરપ્રદેશ કેબિનેટે ૧૭ અન્ય પછાત વર્ગ (ઓબીસી)ને પછાત જાતિ (એસસી)ની યાદીમાં સામેલ કરવાના પ્રસ્તાવને મંજુરી આપી દીધી છે.

આ પ્રસ્તાવ હવે કેન્દ્ર સરકારની પાસે મોકલવામાં આવનાર છે. અખિલેશ યાદવ સરકારના આ નિર્ણયને ચૂંટણી વ્યૂહરચના તરીકે પણ જોવામાં આવે છે. સમાજવાદી પાર્ટીએ વર્ષ ૨૦૧૨માં એવું વચન આપ્યું હતું કે અન્ય પછાત જાતિઓને પણ પ્રાથમિકતા આપવામાં આવનાર છે.

ચૂંટણી વ્યૂહરચનામાં મોટી સફળતા હાંસલ કરવા તરીકે પણ સમાજવાદી પાર્ટી આને ગણે છે. સમાજવાદી પાર્ટીએ વર્ષ ૨૦૧૨માં એવું વચન આપ્યું હતું કે ૧૭ ઓબીસીને એસસીમાં સામેલ કરવામાં આવશે. હવે આને અમલી બનાવવાની દિશામાં આગળ વધવાનો નિર્ણય કરાયો છે. હવે આ પ્રસ્તાવને કેન્દ્ર સરકાર પાસે મોકલવામાં આવનાર છે.

# બેંકો પર આવકવેરાની આક્રમક કાર્યવાહી

## કેરલમાં કો.ઓપરેટીવ બેંકો પર ઈડી-સીબીઆઈ દરોડા : કો.ઓપરેટીવ બેંકોના રેકોર્ડમાં વહેલી સવારથી ચકાસણી

નવી દિલ્હી,તા. ૨૨

રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યાના એક મહિનાથી વધુના ગાળા બાદ હજુ પણ દેશના જુદા જુદા ક્ષેત્રમાં દરોડાની કાર્યવાહી ચાલી રહી છે. નોટબંધીના સપ્તાહ બાદ બેન્કીંગ સેકટરમાં ગેરરીતિઓ હવે સપાટી ઉપર આવી રહી છે. ગેરરીતિઓના મામલા હાલમાં સપાટી પર આવ્યા બાદ હવે બેંકો ઉપર પણ દરોડાની કામગીરી ચાલી રહી છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ અને સીબીઆઈએ આજે કેરળના જુદા જુદા ભાગોમાં કો.ઓપરેટીવ બેંકો ઉપર વ્યાપક દરોડા પાડ્યા હતા. કો.ઓપરેટીવ બેંકો ઉપર કેરળ ઉપરાંત અન્ય રાજ્યોમાં પણ હજુ સુધી દરોડા પાડવામાં આવી ચુક્યા છે. ઈડીએ આજે કોલ્લામ અને માલાપપુરમમાં આવેલી જિલ્લા કો.ઓપરેટીવ બેંકોમાં રેકોર્ડમાં સીબીઆઈના અધિકારીઓ દ્વારા ઉંડી ચકાસણી કરવામાં આવી હતી. જ્યારે ઈડી દ્વારા કન્નુર, કોજીકોડે અને થ્રીસૂરમાં પણ વ્યાપક દરોડા પડાયા હતા. આ દરોડાની કાર્યવાહી મોડી સાંજ સુધી જારી રહી હતી. દરોડાના ગાળાની શરૂઆત ૮મી નવેમ્બર બાદથી જ થઈ ગઈ હતી. આઠમી નવેમ્બર બાદથી ડિપોઝીટના રેકોર્ડમાં ચકાસણી કરવામાં આવી રહી છે. આઠમી નવેમ્બર બાદ રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ પર પ્રતિબંધ મુકાયા પછી સરકારે ૩૦મી ડિસેમ્બર સુધી બેંક ખાતામાં

● અનુસંધાન પાન-૫ પર





